# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના પ્રજાજનો ભગવાન ભરોસે

## બ્રેડ ઉપયોગ કરનાર લોકો કેન્સરનો ભોગ બને તો નવાઈ નહિ

મોડાસા, તા. ૨૭

બ્રેડ બનાવવા માટે લોકપ્રિય બ્રાન્ડેડ બ્રેડ બનાવતી કંપનીઓ બ્રેડ બનાવવા પોટેશિયમ બ્રોમેટ અને આયોડેટ નામના કેમીકલ પદાર્થનો ઉપયોગ કરતા હોવાનું પેકીંગની ચકાસણી કરતા બહાર આવ્યું હતું. આ બન્ને કેમીકલથી કેન્સર જેવા જીવલેણ રોગના આફત સર્જાતી હોવાથી તાત્કાલિક બ્રેડના ઉત્પાદન કરતા એકમો પર તેમજ બજારમાં વેચાણઅર્થે આવતી બ્રાન્ડેડ કંપનીના બ્રેડના નમૂના લઈને ચકાસણી હાથ ધરવાની રાજ્ય ફૂડ વિભાગ દ્વારા તપાસના આદેશ આપવા છતાં સાબરરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સંયુક્ત રીતે ઔષધ નિયમન તંત્ર અને ખોરાક કચેરી હિંમતનગર ખાતે આવેલી છે. ત્યારે બન્ને જિલ્લામાં બ્રેડના નમૂના લેવાની કામગીરી મંથર ગતિએ ચાલી રહી હોય તેમ લાગી રહ્યું છે. જો ફૂડ વિભાગ દ્વારા બન્ને જિલ્લામાં વેચાતી બ્રેડના નમૂના લઈ ચકાસણી હાથ નહિ ધરાય તો નિર્દોષ પ્રજાજનોને કેન્સર જેવી બીમારી લાગુ પડી શકે છે.

પોટેશિયમ બ્રોમેટ અને આયોડેટ નામના બન્ને રસાયણનો બ્રેડ બનાવવામાં વપરાશ મોટા પાયે થતો હોવાનું બહાર આવતા નિર્દોષ પ્રજાજનોના આરોગ્ય સામે બ્રેડ બનાવતી કંપનીઓ ચેડા કરી રહી છે. બ્રેડ બનાવવામાં બન્ને કેમીકલના પ્રતિબંધ હોવા છતાં બ્રેડમાં સી.એસ.ઈ.ની યાદી પ્રમાણે બ્રેડ બનાવતી કંપનીઓ કેન્સરની આફત સર્જાતા રસાયણોનો ઉપયોગ કરવાનું બહાર આવતા રાજ્ય ખોરાક અને ઔષધ નિયમન વિભાગના કમિશનર દ્વારા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ફૂડ વિભાગને તાત્કાલિક વેચાણ થતા બ્રેડના સેમ્પલ લેવાની તાકીદ કરી છે. ત્યારે બન્ને જિલ્લામાં ફૂડ ઈન્સ્પેક્ટરોના મંથર ગતિએ કામગીરીથી જિલ્લાના પ્રજાજનોમાં આક્રોશ ફેલાયો છે. રાજ્ય ઔષધ વિભાગ દ્વારા તાકીદ કરી હોવા છતાં સાબરકાંઠા જિલ્લામાં નમૂના લેવાયા હોવાનું જાણવા મળ્યું હતુ પરંતુ અરવલ્લી જિલ્લામાં દરરોજ અમદાવાદથી લાખ્ખો રૂપિયાની ઠલવાતી બ્રેડ અને બ્રેડનું વેચાણ કરતી દુકાનો કે પાર્લર પર ફૂડ વિભાગના ફૂડ ઈન્સ્પેક્ટરો દ્વારા ક્યાંય પણ તપાસ હાથ ધરાઈ નથી કે બ્રેડના નમૂના લઈ ચકાસણી હાથ ધરવા નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. ગાંધીનગર સમાચારના પ્રતિનિધિએ મોડાસા શહેર અને બાયડ શહેરની દુકાનો અને પાર્લર પર તપાસ કરતા કોઈ પણ ફૂડ વિભાગનો અધિકારી તપાસ કરવા માટે આવ્યો ન હોવાનું જાણવા મળ્યુ હતુ. ત્યારે બ્રોમેટ અને આયોડેટનું પ્રમાણ ધરાવતી અને પ્રજાજનો આવા કેમીકલથી અજાણ હોવાથી ભારે માત્રામાં બ્રેડ અને બ્રેડની બનાવટો પેટમાં પધરાવી રહ્યા છે. ત્યારે લોકોને કેન્સર જેવી ગંભીર બિમારી લાગુ પડશે તો તેની જવાબદારી કોની ?




### અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા કેમીગ્નેટેડ ઓફીસરે (ફૂડ)ની તપાસ રેકર્ડ વગાડી

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રમાં ફરજ બજાવતા જિલ્લા ડેમીગ્નેટેડ ઓફીસર (ફૂડ) આર.જે. પંડ્યાનો સંપર્ક કરી બ્રેડના સેમ્પલ લેવાની કામગીરી અંગે પુછતા અધિકારીએ તપાસની રેકર્ડ વગાડી હતી. પરંતુ કેટલી દુકાનો પાર્લરો કે એકમો પર ચકાસણી હાથ ધરી તેની માહિતીના અભાવે ફૂડ ઈન્સ્પેક્ટરો પર જવાબદારી ઢોળી દીધી હતી. જ્યારે ફૂડ ઈન્સ્પેક્ટર ઓડ સાથે ટેલીફોનીક વાત કરતા જણાવ્યુ હતુ કે પંડ્યા સાહેબ તમને જણાવશે કે કેટલી જગ્યાએ તપાસ હાથ ધરી આમ બન્ને અધિકારીઓ જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કરતા તેમની કામગીરી અંગે અનેક સવાલો પેદા થયા છે.


# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ : તાપમાનનો પારો ૫ ડિગ્રી ગગડ્યો

## વાદળછાયા વાતાવરણથી અતિશય બફારો અને ઉકળાટથી જનજીવન ત્રસ્ત

મોડાસા, તા. ૨૭

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સૂર્યદેવના રોદ્ર સ્વરૂપથી તાપમાનનો પારો ૪૬ ડિગ્રીને પાર કરી જતા પ્રજાજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા પરંતુ પાછલા ત્રણેક દિવસથી અરબી સમુદ્ર પરથી દક્ષિણ-પશ્ચિમી પવનો શરૂ થતા અને આકાશે વાદળો ઘેરાઈ આવતા ગરમીનો પારો નીચે ઉતરતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. પરંતુ વાદળછાયા વાતાવરણ વચ્ચે અતિશય ઉકળાટ અને બફારાથી બન્ને જિલ્લામાં જનજીવન ત્રસ્ત બની ગયું છે. રાત્રીના સમયે બફારો યથાવત રહેતા પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં મે મહિનાના બીજા અને ત્રીજા સપ્તાહ દરમિયાન ગરમીએ હાહાકાર મચાવતા બન્ને જિલ્લામાં તાપમાનનો મહત્તમ પારો ૪૬ ડિગ્રીને પહોંચી જતા અને તાપમાનનો પારો ગગડવાનુ નામ ન લેતા જીવ માત્ર માટે દિવસ અને રાત્રીનો સમય પસાર કરવો કઠીન બની ગયો હતો. પરંતુ ગત ત્રણ દિવસથી તાપમાન ઘટવા માંડતા તાપમાનનો પારો ૫ ડીગ્રી જેટલો ગગડતા ગરમીથી આંશિક હાશકારો અનુભવ્યો હતો. અરબી સમુદ્ર પરથી દક્ષિણ-પશ્ચિમી પવનો શરૂ થઈ જતા વાતાવરણ સામાન્ય બનવા પામ્યુ છે. બે-એક દિવસથી જિલ્લાના આકાશમાં મોડી રાત્રે અને વહેલી સવારે વાદળોની આવન-જાવન જોવા મળી રહી છે. રાત્રે સૂસવાટા ભેર પવન ફૂંકાય છે અને વહેલી સવારે કાળા ડિબાંગ વાદળોની હાજરી વચ્ચે પવન ફૂંકાતા ઠંડકનો અહેસાસ થઈ રહ્યો છે. પરંતુ સૂર્યનારાયણના દર્શન થતાની સાથે જ ધૂપછાવનો માહોલ સર્જાય છે અને દિવસ દરમિયાન બફારો અને ઉકળાટ પ્રવર્તી રહ્યો છે. પહેલા ગરમીથી ત્રસ્ત બનેલા લોકો હવે બફારા અને અતિશય ઉકળાટનો સામનો કરી રહ્યા છે. હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હજુ ચાર-પાંચ દિવસ વાદળોની આવન-જાવન ચાલુ રહેશે મતલબ આગામી સપ્તાહ સુધી બફારા અને ઉકળાટની સ્થિતિ યથાવત રહેશે. પ્રજાજનો પહેલા અંગદઝાડતી ગરમી અને અત્યારે અસહ્ય ઉકળાટ અને બફારાથી તોબા પોકારી ઉઠ્યા છે. પ્રજાજનો ચાતક નજરે આકાશ તરફ મીટ માંડી વરસાદની રાહ જોઈ રહ્યા છે.



# પાલનપુરમાં અખાદ્ય કેરી-રસના વિક્રેતાઓને ઘી-કેળા

## પાલિકા અને આરોગ્ય વિભાગની નાટકીય રેડ વચ્ચે વેપારીઓને જાહેર આરોગ્ય સાથે ચેડાં કરવાનું મળ્યુ મોકળુ મેદાન

પાલનપુર, તા. ૨૭

પાલનપુર શહેરમાં અખાદ્ય કેરી અને કેરીનો રસ તથા જ્યુસના વેપારીઓને ભારે તડાકો પડ્યો છે. પાલનપુર નગરપાલિકામાં ફૂડ ઈન્સ્પેક્ટરની જગ્યા ખાલી હોઈ શહેરમાં અખાદ્ય કેરી તથા કેરીના રસના વિક્રેતાઓને જાણે ખુલ્લેઆમ જાહેર આરોગ્ય સાથે ચેડાં કરવાનું મોકળુ મેદાન મળી ગયું છે. હપ્તાના હડમાલામાં વ્યસ્ત ફૂડ વિભાગની ઘોર ઉદાસીનતા વચ્ચે પાલિકા અને આરોગ્ય વિભાગે રેડનું નાટક ભજવી ફરજ પુરી કર્યાનો આત્મસંતોષ વ્યક્ત કરતા શહેરીજનોનું આરોગ્ય ભગવાન ભરોસે થઈ ગયું છે.

સરહદી બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે, કેરી અને કેરીના રસનું વેચાણ કરતા વેપારીઓને ઉનાળાની સીઝન ભારે ફળી છે. પાલનપુરમાં કાર્બાઈડથી કૃત્રિમ રીતે પકવેલી અખાદ્ય કેરી અને કેરીના રસ તથા બિન આરોગ્યપ્રદ કેરીના જ્યુસનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. જેનો સીધો ભોગ લોકો બની રહ્યા છે અને માંદગીના બિછાને પટકાઈ રહ્યા છે.



જોકે પાલનપુર નગરપાલિકામાં વર્ષોથી ફૂડ ઈન્સ્પેક્ટરની જગ્યા ખાલી છે. જેથી કાયદાનો ડર સતાવતો ન હોઈ કેરીના રસ કે જ્યુસના વિક્રેતાઓ બિન્દાસ બની ગયા છે અને જાહેર આરોગ્ય સાથે ખિલવાડ કરવાનું જાણે તેમને લાયસન્સ મળી ગયું હોય તે રીતે વર્તી રહ્યા છે.

# ભિલોડામાં કરીયાણાની દુકાનમાં ૨.૪ લાખની ચોરી

ભિલોડા,તા.૨૭

અરવલ્લી જીલ્લાના ભિલોડાના હાર્દસમા એસ.ટી.બસ સ્ટેન્ડ સામે આવેલ એક કરીયાણાની દુકાનમાં અજાણ્યા તસ્કરો મધ્યરાત્રે ત્રાટક્યા હતા.રૂા.૨,૦૦,૦૦૦/-ની માલમત્તા અને રૂા.૪૦૦૦/-રોકડા કુલ મુદ્દામાલની કિંમત રૂા.૨,૦૪,૦૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડામાં લોકમુખે ચર્ચાય છે કે પોલીસ નાઈટ પેટ્રોલીંગમાં વેઠ ઉતારે છે. ભિલોડામાં પોલીસ તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યું હોય તેમ અવાર-નવાર નાના-મોટા ચોરીઓના બનાવો પ્રકાશમાં આવતાં પ્રજાજનો અને વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.

### પોલીસ તંત્ર કુંભકર્ણની નિદ્રામાં

ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડ સામે આવેલ પીંકી કિરાણા સ્ટોર્સ, રાહુલભાઈ મોરવાણીની દુકાનમાં અજાણ્યા તસ્કરોએ મધ્યરાત્રે દુકાનના શટરના તાળા તોડી દુકાનની અંદર પ્રવેશ કરી સીગારેટ, બીડી, તમાકુ સહિત વિવિધ ચીજવસ્તુઓના કાર્ટુન તેમજ રોકડા રૂા.૪૦૦૦/-કુલ મુદ્દામાલની કિંમત રૂા.૨,૦૪,૦૦૦/-ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. પીંકી કિરાણા સ્ટોર્સમાં લગાવેલા સી.સી. ટી.વી. કેમેરામાં તસ્કરો ચીજવસ્તુઓની ચોરી કરતા ચોર ઈસમોના ફુટેઝ પોલીસને દુકાનદારે આપ્યા હતા. ભિલોડા પીંકી કિરાણા સ્ટોર્સ નામની દુકાન ધરાવતા રાહુલભાઈ મોરવાણીએ ચોરીની ઘટના સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસએ ચોરીનો ગુનો અજાણ્યા તસ્કરો વિરૂધ્ધ દર્જ કર્યો છે. ભિલોડા પોલીસએ સી.સી.ટી.વી. ફુટેઝ, ફિંગર પ્રિન્ટ અને ડોગ સ્કવોર્ડની મદદથી ચોરીનો ભેદ ઉકેલવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

## બાયડ તાલુકામાં ભાજપ દ્વારા વિકાસ યાત્રા નિકળી

કેન્દ્રમાં ભાજપના શાસનને બે વર્ષ પુર્ણ થતાં ભાજપ દ્વારા દેશભરમાં વિકાસ યાત્રાઓ કાઢવામાં આવી છે. બાયડ તાલુકાંમાં વિકાસા યાત્રા ચોઈલા, ગાબટ, ડેમાઈ ખાતે વિકાસ યાત્રામાં અનેક ભાજપના કાર્યકર્તાઓ જોડાયા હતા. તેમાં અરવલ્લી જીલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, ગુજરાત ભાજપ પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, જીલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, બાયડ શહેર પ્રમુખ સ્નેહલ પટેલ, નગરપાલિકા પ્રમુખ વરૂણ પટેલ તેમજ અનેક બાયડ તાલુકાના કાર્યકર્તાઓ વિકાસ યાત્રામાં જોડાયા હતા.

# મોટા ચેખલા ગામે મોડી રાત્રે એક લાખની મત્તાની ચોરી

તલોદ, તા. ૨૭

તલોદ તાલુકાના મોટા ચેખલા ગામના એક વિપ્ર પરિવારના મકાનમાં ગતરાત્રીએ ત્રાટકેલા તસ્કરોએ અંદાજીત રૂ. ૧ લાખની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ જતા પંથકમાં દહેશતનો માહોલ પેદા થયો છે. મધ્યરાત્રી બાદ આવી ત્રાટકેલા ઘરફોડીયા તસ્કરો ૪૦ હજારની રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના ઉઠાવી જવામાં સફળ રહ્યા હતા.

વિગત એવી છે કે, મોટાચેખલા ગામે મેશ્વો નદીના તટ નજીક રમેશભાઈ સોમાલાલ જોષી તેમના પત્ની પ્રેમલતાબહેન સાથે પોતાના જૂના મકાનમાં રહે છે. તેમના સંતાનો અમદાવાદ ખાતે સ્થાયી થયેલા છે. ગતરોજ રાત્રે રમેશભાઈ અને પ્રેમલતાબહેન ઘર આંગણામાં બહાર સૂતા હતા ત્યારે મધ્યરાત્રી બાદ કોઈક તસ્કરોએ તેમના મકાનને શિકારનુ કેન્દ્ર બનાવ્યું હતું. મકાનની બારીમાં લગાવેલ સળીયા (ગ્રીલ) તોડીને આવેલા રાત્રીના મહેમાનો મકાનમાં ઘુસ્યા હતા. જ્યાં તેઓએ ગણતરીની મીનીટોમાં સફળ શિકાર પાર પાડ્યો હતો. અને અંદાજીત રૂ. ૧ લાખની માલમત્તાની ચોરી કરી ચાલતી પકડી દીધી હતી.

રમેશભાઈ જોષીના ઘરમાં ઘૂસેલા તસ્કરોએ તીજોરીના તાળા તોડી નાંખી તેમાં રાખેલી રોકડ રકમ રૂ. ૪૦ હજાર તથા સોના-ચાંદીના દાગીના ઉઠાવી ગયા હતા. જેમાં સોનાનો દોરો, સોનાની બુટ્ટી જોડ-૨, ચાંદીના ઝાંઝર તથા દોરાનો પણ સમાવેશ થાય છે. તલોદ પોલીસે રૂ. ૯૩ હજારની ચોરીનો ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. જેમાં ડોગ સ્કવોર્ડ અને એફ.એસ.એલ.ની પણ મદદ લેવામાં આવી છે.

# ઊંઝાના કોટકુવાની જુની કસ્બા તલાટી કચેરીમાં ભ્રષ્ટાચારની ભારે બુમરાણ

ઊંઝા, તા. ૨૭

ઊંઝા ખાતે કોટકુવા વિસ્તારમાં વર્ષો જુની કસ્બા તલાટીની કચેરી કાર્યરત છે. કસ્બાચોરા તરીકે ઓળખાતી આ મહેસૂલ વિભાગ હસ્તકની કચેરીમાં તલાટી કમ મંત્રી કક્ષાના કર્મચારી ફરજ બજાવતા હોય છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી આ કચેરીમાં ભ્રષ્ટાચારની બોલબાલા વધી ગઈ હોવાની લોકોમાં બૂમરાણ ઉઠી છે. કહે છે કે, આ કસ્બાચોરામાં ફરજ બજાવતા તલાટી કક્ષાના કર્મચારી કચેરીને લગતા જમીન સહિતના કામકાજમાં વ્યાપક કટકી કરી રહ્યા છે.

બીજુ તાજેતરમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા ધોરણ-૧૦ના પરિણામો જાહેર થયા છે. ત્યારે શહેરી વિસ્તારના ઉચ્ચ અભ્યાસ અર્થે પ્રવેશ મેળવવા માગતા છાત્ર છાત્રાઓને જરૂરી આવકના દાખલા, ક્રિમિલેયર, ઈ.બી.સી. અન્ય દાખલાઓ, રેશનીંગ કાર્ડ મેળવવા અંગે નિયત ફોર્મમાં તલાટીના સહી સિક્કા, અભિપ્રાય માટે ફરજીયાત ઊંઝાની કસ્બા તલાટીની કચેરીમાં જવું પડે છે. ત્યારે આ કચેરીમાં બેઠેલા કેટલાક સરકારી બાબુ સકારાત્મક વલણ દાખવાને બદલે નકારાત્મક વલણ અપનાવી યેનકેન પ્રકારે ફોર્મમાં તેમજ સાધનિક કાગળો સંદર્ભે ખામીઓ કાઢી વિદ્યાર્થીઓને ભારે પરેશાન કરી રહ્યા છે.

કહે છે કે, અત્રે ફરજ બજાવતા તલાટી મહાશય સત્તાના જોરે છાત્રો પાસેથી પણ ગેરકાયદે નાણાં પડાવતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં ગરીબ વ્યક્તિઓ તેમજ વિદ્યાર્થીઓ ભારે કફોડી હાલતમાં મુકાય છે. ઉપરોક્ત બાબતે સંબંધિત ઉચ્ચ અધિકારીઓએ સત્વરે ખાનગી રાહે તપાસ કરાવી કથિત ભ્રષ્ટ કર્મચારીની શાન ઠેકાણે લાવવી જરૂરી મનાય છે.



પ્રાંતિજના પોગલુ ગામે આવેલ ૬૦૦ વર્ષ પૂર્વે વરખડી (ગંગરી)ના ઝાડીમાંથી ઉત્પત્તિ થયેલ આ આયુષ્ય રક્ષકની વારાહી શક્તિપીઠ તરીકે ઓળખાતા શ્રી વારાહી માતાજીનો ૧૬મો પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ સુપ્રસિદ્ધ શ્રી વારાહી શક્તી પીઠ ખાતે તા. ૨૬-૫-૨૦૧૬ને ગુરૂવારના રોજ એક દિવસીય ૧૬મો પાટોત્સવ યોજાયો હતો. જેમાં મંદિરના વિશાળ ચોકમાં હવન, પૂજા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હવનના મુખ્ય યજમાન સંજયભાઈ દેવજીભાઈ પટેલ તથા ધજાના મુખ્ય યજમાન પરીક્ષીતકુમાર દિનેશભાઈ પટેલના યજમાન પદે યોજાયું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ શોભાયાત્રા નીકળી હતી અને દર વર્ષે પાટોત્સવની આવક પંખીઘરમાં આપવામાં આવે છે. જ્યારે પંડ્યા, પટેલ, ક્ષત્રિય, નાયી, રાજપૂત ગરાસિયા, રાજગોર બ્રાહ્મણો, જોષી બ્રાહ્મણો, સોની વગેરે લોકો મા ના દર્શન કરવા દૂરદૂરથી આવે છે અને પોગલુ ગામના બહાર રહેતા લોકો પણ ધંધા રોજગાર બંધ રાખી આવે છે. જ્યારે રાત્રીના સમયે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે સમગ્ર આયોજન મંદિરના મહંત સુનીલદાસજી મહારાજ, મંદિરના પ્રમુખ અમૃતભાઈ પટેલ તથા ટ્રસ્ટી બાબુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.




## બોભા ગામે કુદરતી આફત સહાય પેટે ૧.૯ લાખની સહાય અપાઈ

પ્રાંતિજ તાલુકાના બોભા ગામે ૨૧-૫-૨૦૧૬ને શનિવારના રોજ એક મકાનમાં આગ લાગી હતી અને આગમાં ઘરવખરી સહિતનો બધો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જેમાં પ્રાંતિજ તાલુકા પંચાયત દ્વારા મકાન માલિકને રૂપિયા એક લાખ નવ હજાર બસો પચાસની સહાયનો ચેક આપવામાં આવ્યો હતો. પ્રાંતિજના બોભા ગામે બાલસિંહ કોદરસિંહ રાઠોડના મકાનમાં આગ લાગતા આગમાં ઘરવખરી સહિત સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો. જેમાં પ્રાંતિજ તાલુકા પંચાયત દ્વારા ભોગ બનનાર બાલસિંહ રાઠોડના ઘરે સ્થળ ઉપર જઈને ચેક દ્વારા સહાય આપવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા વિકાસ અધિકારી એ.જે. પટેલ, તાલુકા અધ્યક્ષ બેચરસિંહ રાઠોડ, બોભા સરપંચ સી.કે. રાઠોડ, જિલ્લા સદસ્ય મિલ્કતસિંહ વગેરે દ્વારા લાભાર્થીને એક લાખ નવ હજાર બસો પચાસનો સહાય પેટે ચેક આપવામાં આવ્યો હતો.

## વાઘપુર ગામના શખ્સને ચેક રીટર્ન કેસમાં છ માસની જેલ

પ્રાંતિજ ખાતે ચેક રીટર્ન મામલે ફરીયાદી દ્વારા ૧૩૮ મુજબ કોર્ટમાં વકીલ મારફતે રજુઆતો કરતાં પ્રાંતિજ કોર્ટ દ્વારા બન્ને પક્ષોના વકીલો સહિત ફરીયાદી આરોપીઓની દલીલો સાંભળીને કોર્ટ દ્વારા યોગ્ય નિર્ણય આપવામાં આવતા ખોટા ચેક આપનારાઓ ભુગર્ભમાં ઘુસી જવાનો વારો આવ્યો છે. પ્રાંતિજ તાલુકાના પિલુન્દ્રા ગામે રહેતા પટેલ જશવંતકુમાર નટવરલાલ ઉં.વ. ૩૫ કે જેવોએ વાઘપુર મુકામે રહેતા રાઠોડ રણજિતસિંહ વજેસિંહ ઉં.વ. ૪૦ કે જેવોને રૂપિયા દોડ લાખની જરૂર હોવાથી ઉછીના આપ્યા હતા અને તેના બદલામાં રાઠોડ રણજીતસિંહ દ્વારા સામે ચેક આપવામાં આવ્યો હતો પરંતુ થોડાક સમય બાદ સમયમર્યાદા પુરી થતાં અને પટેલ જશવંતકુમારે પેમેન્ટ માટે ઉઘરાણી કરતાં રાઠોડ રણજીતસિંહ કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. અને છેવટે તેમના કહેવાથી પટેલ જશવંતકુમારે એચ.ડી.એફ.સી. બેંકમાં ચેક ભર્યો હતો પણ બેલેન્સ ના હોવાથી બેંકમાંથી ફંડસ ઈનસફીશીયન્ટના શેરા સાથે ચેક પરત ફરતા કહેવા જતાં તેમની જોડે ઉદ્ધત વર્તન કરી ગાળો બોલતા પટેલ જશવંતકુમારે તેવોના વકીલ કે.ટી. પટેલ મારફતે કોર્ટમાં ધી નેગોસિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ કરતાં કોર્ટમાં કેસુભાઈ ચાલતા કોર્ટ દ્વારા બન્ને પક્ષોની દલીલ સાંભળીને આખરે આરોપીને છ માસની સાદી જેલની સજા તથા દસ હજાર રૂપિયા દંડ પેટે અને આરોપી જો દંડ ના ભરે તો વધુ એક માસની સજા કરાઈ છે.